# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે તા.૨૩/૦૩/૨૦૨૫, રવિવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) – ૨૦૨૫ ની પરીક્ષાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ફકત ઓનલાઇન માધ્યમથી મૂકવામાં આવે છે. જેની ગુજકેટ-૨૦૨૫ ની પરીક્ષાના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૫ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમિશન કાર્ડ(પ્રવેશિકા) બોર્ડની વેબસાઇટ **<u>gujcet.gsebht.in</u>** અથવા **<u>gsebht.in</u>** અથવા **<u>www.gseb.org</u>** પરથી તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકથી Download કરવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ ગુજકેટ-૨૦૨૫ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ <u>મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી</u> અને <u>જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર</u> દાખલ કરી એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમિશન કાર્ડ (પ્રવેશિકા) Search કરી, જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ રાજયની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પોતાના ઇન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી લોગ-ઇન થઇ પોતાની શાળાના ગુજકેટ-૨૦૨૫ માટેના ઉમેદવારોના એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે.

ગુજકેટ-૨૦૨૫ માટેના એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ફકત ઓનલાઇન માધ્યમથી જ મળશે, જે પરીક્ષાખંડમાં પ્રવેશ માટે માન્ય રહેશે. આ હોલટીકીટ પર શાળાના આચાર્યશ્રીઓના સહી સિક્કો કરાવવાની જરૂર નથી જે ધ્યાને લેશો.

<u>ઉમેદવારો(પરીક્ષાર્થી) માટે ખાસ નોંધ:-</u>

ગુજકેટ-૨૦૨૫ પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા દરમિયાન એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) સાથે કોઇ પણ એક ફોટો આઇ.ડી પ્રુફ (આધાર કાર્ડ અથવા ડ્રાઇવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષાની ઓરીજીનલ હોલટીકીટ) સાથે લઇ જવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(ડી.એસ.પટેલ)
સંયુકત નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:- ૧૧/૦૩/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર